‘‘જયોતિ ગ્રામ યોજના’’ નવી બાબત- સને
૨૦૦૩-૦૪ માટે ગુજરાત વિદ્યુત બોર્ડને સહાયકી
બાબતની યોજનાને વહીવટી મંજુરી આપવા
બાબત.

ગુજરાત સરકાર,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦-૨૦૦૦૩-૯૭૬-ક.૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ -૯-૨૦૦૩

**<u>વંચાણે લીધા</u>** :- ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા. ૩-૯-૨૦૦૩ નો ઠરાવ
ક્રમાંક : બજટ-૧૦-૨૦૦૩-૯૭૬-ક૧.

**<u>ઠરાવઃ</u>**

રાજયના ગામડાઓમાં કુટિર / ગૃહ ઉધોગ જેવા નાના પાયાના ઉધોગોનો વિકાસ થાય, સ્થાનિક લોકોને તેને કારણે સ્થાનિક રોજગારીની વધુ તકો ઉભી થાય અને ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓને અભ્યાસ માટે, લોકોને સારી આરોગ્ય સેવાઓ તથા માળખાગત સુવિધાઓ પૂરી પાડી શકાય તે માટે ગ્રામ્ય વિસ્તારોમાં સતત ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પૂરવઠો પૂરો પાડવાનું રાજય સરકારે નકકી કરેલ છે. આ દિશામાં અસરકારક અમલીકરણ કરીને ગ્રામ્ય વિસ્તારના લોકોના વ્યકિતગત ઉત્કર્ષ તથા લોકોને રોજીરોટી તેમજ સુખ સગવડમાં વધારો થવાથી શહેરો તરફનું સ્થળાંતર અટકાવવા માટે તથા ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસના આયોજનરૂપે રાજય સરકારે વર્ષ ૨૦૦૩-૦૪ થી રૂા.૫૦ કરોડની આયોજન સદરે જોગવાઇ કરી **‘‘જયોતિ ગ્રામ યોજના’’** અમલમાં મૂકવાનું નકકી કરેલ છે.

સદરહુ ઠરાવના ફકરા (૫) માં જે તે ગામને અપાયેલ વીજ પુરવઠાના કુલ યુનિટસના ઓછામાં ઓછા ૯૦ % યુનિટનુ જે તે ગામે બીલ ભરવાનું ઠરાવેલ છે. તથા તેમાં જે ઘટ આવે તે ઘટના વીજ યુનીટની રકમ સંબંધિત ગ્રામ પંચાયતને ભરપાઇ કરવા જણાવેલ છે. તે ફકરા નંબર-૫ રદ કરીને નીચે જણાવ્યા મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠ રા વ :-</u>**

આ યોજના હેઠળ જે તે ગામના ફીડર ઉપરના લાઇન લોસ ૧૫ ટકા કરતા વધશે તો ત્રણ નોટીસ આપ્યા પછી સુધારો થશે નહી તો ગામને વીજજોડાણ જયોતિગ્રામ યોજનામાંથી બાકાત કરવામાં આવશે.

ઉપર મુજબની જોગવાઇ ૩૧ માર્ચ ૨૦૦૪ સુધી અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે. તથા લાઇન લોસીસ અને ટેકનીકલ ખામીઓથી થતી ઘટ અંગે ગુજરાત વિદ્યુત બોર્ડ વિગતવાર અભ્યાસ હાથ ધરીને વિગતો રજુ કરવામાં આવે તે ધ્યાને લઇને પુનઃ વિચારણા હાથ ધરવામાં આવશે.

આ ઠરાવની વિભાગની સરખા ક્રમાંકની ફાઇલપર નાણા વિભાગની તા. ૧૪-૧૦-૨૦૦૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.બી.પટેલ)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આયોજન, આ.બાં.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ચેરમેનશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.
- સર્વે સભ્યશ્રીઓ, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.
- મુખ્ય ઇજનેરશ્રી (ગ્રા.વી./વી.વી./ટ્રાન્સમીશન) ગુ.વિ.બોર્ડ,વડોદરા.
- નાણા વિભાગ / ક - શાખા, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીલેક્ટ ફાઇલ.